| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૨/૦૧/૨૦૨૦ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૭૯/૨૦૨૦**

## પાસા અટકાયતની વિગત

**ઘાટલોડીયા** પોલીસ સ્ટેશન :

### પાસાના આરોપીને ભુજ જેલમાં મોકલવવા

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૪૭/૨૦૨૦ તા.૧૧/૦૧/૨૦૨૦ આધારે બાપી સ/ઓ જ્યોર્જ સરકાર ઉ.વ-૪૨ ધંધો-નોકરી રહે-મ.નં-૩૬ નરસિંહનગર સોસાયટી જુના વાડજ અમદાવાદ શહેર મુળ વતન ગામ-મોરીયમપરા બેગોપરા રાણાઘાટ જી-નડીયા પશ્ચીમ બંગાળ નાને આજરોજ તા.૧૧/૦૧/૨૦૨૦ ના કલાક ૨૧/૧૦ વાગે પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ પાલારા-ભુજ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે.



# વિશ્વાસઘાત અને છેતરપીંડી કરતા આરોપીની અટકાયત

## રાણીપ પોલીસ સ્ટેશન :

## રુપિયા ભરેલ નોટોનુ બંડલ બતાવી બંડલમાં એક ખરી નોટા બતાવી અંદર પુઠા ભરીને એનકેન રીતે વાતચીત કરી વિશ્ર્વાસ ભરોસામાં લઇને વિશ્ર્વાસઘાત અને છેતરપીંડી કરવાની એમ.ઓ વાળા રીઢા આરોપીઓને પકડી પાડતી

મેરબાન શ્રી પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે સંયુકત પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેકટર ૧ અમદાવાદ શહેર તથા મે.ના.પો.કમિ.સા.શ્રી ઝોનં ૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે.મ.પો.કમિ.સા.શ્રી એલ ડીવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ અધિકારી શ્રીઓની જરૂરી સુચના મુજબ પોલીસ ઇન્સ્પેકટર જે.બી.ખાંભલા રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓએ મિલ્કત સંબધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓને શોધી કાઢવા સારુ જરૂરી સુચના કરેલ હોય જે સુચના આધારે નિચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

ગુ.ર.નં અને કલમ : રાણીપ પો.સ્ટે ફસ્ટ઼ૅ ગુ.ર.નં ૬૪/૨૦૧૯ ધી ઇ.પી.કો કલમ ૪૦૬.૪૨૦.૧૧૪ મુજબ અટક કરેલ આરોપીઓ (૧) મહેશભાઇ ઉર્ફે કાળુ સ/ઓ હરિભાઇ ધુળાભાઇ જાતે મારવાડી (સલાટ) ઉવ.૨૩ ધંધો મજુરીકામ રહે.સલાટવાસ ત્રિકલમ નગર મોચીનો ડેલો કાચા છાપરામાં કલોલ રેલ્વે સ્ટેશનની બાજુમાં કલોલ તા.કલોલ જિ.ગાંધીનગર (૨) કિશોર સ/ઓ ગંગારામ ચતુરભાઇ જાતે મારવાડી (સલાટ) ઉવ.૩૨ રહે.ઔડનો ટેકરો જુનાવાડજ બસસ્ટેન્ડની પાછળ જુનાવાડજ અમદાવાદ શહેર આરોપીઓ પાસેથી રિકવર કરેલ મુદામાલ : (૧) ચાંદીનુ હાથમાં પહેરવાના કડુ નંગ ૦૧/-જેનુ વજન કિમત રુપિયા ૫૮૭૩/-ગણી શકાય તે તથા (૨) સોનાની ચેંઇન નંગ ૦૧/-કિમત રુપિયા ૧૭૩૨૦/-ગણી શકાય તે તથા (૩) સોનાની નાકમાં પહેરવાની ચુની ફુલ ડિઝાઇનવાળી નંગ ૦૧/- કિમત રુપિયા ૭૫૦/-ગણી શકાય તે તમામ સોના ચાંદીના દાંગીનાઓની કુલ્લે કિમત રુપિયા ૨૩૯૪૩/-ગણી શકાય તે

ગુનાની એમ.ઓ : રુપિયા ભરેલ નોટોનુ બંડલ બતાવી બંડલમાં એક ખરી નોટા બતાવી અંદર પુઠા ભરીને એનકેન રીતે ચાતચીત કરી વિશ્ર્વાસ ભરોસામાં લઇને વિશ્ર્વાસઘાત અને છેતરપીંડી કરવાની એમ.ઓ વાળા કાર્યવાહી કરનાર અ.હે.કો પ્રદિપકુમાર થાવરાભાઇ બનં ૪૦૮૪ તથા હે.કો દેવકરણભાઇ અજાભાઇ બનં ૫૫૫૯ નોકરી સર્વેલન્સ સ્કોડ રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર આરોપીઓના ભુતકાળના ગુનાઓ : આ ગુનાના કામના આરોપીઓ આ ગુના પેહલા અમરાઇવાડી પો.સ્ટે ફસ્ટ઼ૅ ગુ.ર.નં ૮૮/૨૦૧૬ ધી ઇ.પી.કો કલમ ૩૭૯.૩૨૮.૧૧૪ મુજબ

શહેરકોટડા  પો.સ્ટે ફસ્ટૅ ગુ.ર.નં ૨૨૬/૨૦૧૫ ધી ઇ.પી.કો કલમ ૪૦૬.૪૨૦.૪૧૧.૧૧૪ મુજબ આરોપીઓએ બીજા અન્ય કરેલ ગુનાઓની માહિતી

૧.આ કામના આરોપીઓએ સાથે મળીને તેઓની ગુના કરવાની એમ.ઓ થી શાહિબાગ પો.સ્ટે વિસ્તારમાં તથા પાલડી પો.સ્ટે વિસ્તારમાં તથા ચાંગોદર પો.સ્ટે વિસ્તારમાં તથા મેમકો વિસ્તારમાં આવા પ્રકારના બીજા અન્ય ગુનાઓ કરેલાની કબુલાત કરેલ છે.

આ ગુનાના કામના ઉપરોકત બન્ને આરોપીઓને આજરોજ તારીખ ૧૧/૦૧/૨૦૨૦ ના કલાક ૧૬/30 વાગ્યે પકડી અટક કરી બીજા અન્ય ગુનાઓ/મુદામાલ/સહઆરોપીઓ બાબતે તપાસ હાલમાં ચાલુ છે તારીખ ૧૧/૦૧/૨૦૨૦






# પર્સ સ્નેચિંગનો ગુનો કરતા અરોપીની અટકાયત

**એલીસબ્રીજ પોલીસ સ્ટેશન :**

## એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૧૨૪/૨૦૧૯ ઈપીકો કલમ ૩૭૯(એ)(૩) મુજબનો અન ડિટેક્ટ પર્સ સ્નેચીંગના કામે એક આરોપી પકડી પર્સ સ્નેચીંગ નો ગુનો ડિટેક્ટ કરતી એલીસબ્રીજ પોલીસ

મે. પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ ડિવીઝન સાહેબ નાઓ તરફથી અવાર નવાર મિલકત સબંધી ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમાં પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એ.એસ.પટેલ સાહેબ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન નાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.બી.વિહોલ નાઓ સર્વેલન્સ સ્કોડના હે .કો. રતનસિંહ હિમતસિંહ તથા પો.કો. મહેન્દ્રભાઈ રમેશભાઈ તથા પો.કો. નરેશભાઈ ભારમલભાઈ તથા પો.કો. અલ્પેસભાઈ વાઘુભાઈ તથાપોકો. મુળુભાઈ વેજાભાઈ. તથા પો.કો. મહેશભાઈ ભગવાનભાઈ તથા પો.કો. રણજીતસિંહ જલુસિંહ નાઓ સાથે એલીસબ્રીજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં ફરતા હતા દરમ્યાનમાં અ.હે.કો. રતનસિંહ હિમતસિંહ તથા પો.કો. નરેશભાઈ ભારમલભાઈ નાઓને મળેલ સંયુક્ત બાતમી આધારે એલીસબ્રીજ સ્મશાનગૃહ ની આગળ જાહેર રોડ વોચમાં રહી આરોપી ઈમરાનશા યાસીનશા ફકીર ઉવ૩૦ ધંધો..નોકરી રહે, મ ન. ૩૦૧ રીયલ રેસીડેન્સી લકી પાર્ક સોસાયટી દેના બેંકની ગલી. વિશાલા સર્કલ જુહાપુરા અમદાવાદ શહેર ની અંગજડતીમાંથી સેમસંગ કંપનીનો એસ-૧૦ મો.ફોન કિ.રૂ. ૨૫,૦૦૦/- તથા એક્ટીવા નં. GJ-01-UB-6269 કિ.રૂ. ૪૦,૦૦૦/- ના મત્તાની કબ્જે કરી આરોપીને પકડી પાડી એલીસબ્રીજ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં. ૧૨૪/૧૯ ઈપીકો કલમ ૩૭૯(એ)(૩) મુજબનો પર્સ સ્નેચીંગનો ગુનો ડિટેક્ટ કરેલ છે. અને આરોપી અગાઉ કારંજ , નવરંગપુરા , વેજલપુર તથા રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશનમાં ગુનાઓ પકડાયેલ છે. અને હાલ આરોપીના નામદાર કોર્ટમાંથી તા. ૧૩/૦૧/૨૦૨૦ સુધીના પોલીસ કસ્ટડી રિમાન્ડ પર મેળવી અન્ય કોઈ ગુનગુનાઓ આચરેલ હોય જે સબંધે તપાસ ચાલુ છે. તા. ૧૧/૦૧/૨૦૨૦



# નાસતા-ફરતા આરોપીની અટકાયતી

## સેટેલાઇટ પોલીસ સ્ટેશન :

## સેટેલાઇટ તથા આનંદનગર પોલીસ સ્ટેશનનો નાસ્તો ફરતો આરોપી પકડી સારી કામગીરી કરતી સેટેલાઇટ પોલીસ

સેટેલાઇટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન-૭૦/૨૦૧૯ ઇપીકો કલમ-૩૦૭, ૩૨૪, ૧૧૪ તથા આર્મ્સ એક્ટ કલમ-૨૫(૧-બી)(એ) તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) ના કામના આરોપી રજની અમરતભાઇ પરમાર ઉ.વ.૨૧, ધંધો-મજુરી અગાઉ રહે. બ્લોક નં.૨૯ ઘર નં.૭૦૫, ગોપાલ આવસ, ઔડાના મકાન, જોધપુર, સેટેલાઇટ, અમદાવાદ શહેર. હાલ રહે. ગામ-ખારીઘારીયાલ, તા.ચાણસ્મા, જી.પાટણ નાનો ગુનો કર્યા તા-તા-૧૩/૦૭/૨૦૧૯ થી આજદિન સુધીના લાબા સમયગાળાથી નાસ્તો ફરતો હતો જેને પકડવા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ અને મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એન ડીવીજન સા. નાઓની સુચનાથી પો.ઇન્સ શ્રી પી.ડી.દરજી નાઓના માર્ગદર્શન અને સુચના આધારે મ.સ.ઇ અશોકકુમાર જગન્નાથભાઇ બ.ન.૭૧૦૫ તથા અ.પો.કો હરિસિંહ જુવાનસિંહ બ.ન.૭૪૯૪ તથા અ.પો.કો ભગીરથસિંહ જીતુભા બ.ન.૧૩૨૦૫ નાઓ પો.સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન અ.પો.કો હરિસિંહ જુવાનસિંહ નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે સદરી આ કામનો આરોપી ઇસ્કોન ચાર રસ્તા ખાતે આવવાનો છે જે બાતમી આધારે પો.ઇન્સ શ્રી પી.ડી.દરજી તથા પોલીસ સ્ટાફના માણસો સાથે બાતમી વાળી જગ્યાએ તાત્કાલીક પહોચી ગયેલ દરમ્યાન આ કામનો આરોપી રંજની અમરતભાઇ પરમાર નાઓ મળી આવેલ જેને સદરી ગુનાના કામે પુછપરછ કરતા પોતે અગાઉ આનંદનગર પો.સ્ટેશન ફ.ગુ.ર.ન-૬૪/૧૯ ઇપીકો કલમ ૪૫૨,૩૯૨,૨૯૪(ખ),૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુન્હો કર્યો હોવાની કબુલાત કરેલ હોય જે ગુનામા પણ નાસતા ફરતા હોય જે આરોપીને વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે અને સેટેલાઇટ પોલીસ સ્ટેશન તથા આનંદનગર પોલીસ સ્ટેશન ના ગંભીર ગુનામા નાસતા ફરતા આરોપી પકડી પ્રસન્નીય કામગીરી કરેલ છે. તા.૧૧/૦૧/૨૦૨૦



# <u>જુગારનો કેસ શેધી કાઢતી આરોપીની અટકાયત</u>

## <u>શાહીબાગ પોલીસ સ્ટેશનઃ</u>

### <u>ગણનાપાત્ર જુગારનો કેસ શોધી છ ઇસમોને પકડતી શાહીબાગ પોલીસ</u>

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે તા.૧૧/૦૧/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કવોડના સ્ટાફના માણસો સાથે પ્રોહી/જુગારની પ્રવૃત્તિ અટકાવવા સારું પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત મળેલ કે "અભિષેક કેમ્પલેક્ષ-૧ બી/૪૦૮ દુકાન આગળ લાંબીમાં ખુલ્લી જગ્યામાં પૈસા પાનાથી તીન પત્તીનો હારજીતનો જુગાર રમે છે." જે હકીકત આધારે રેઇડ કરતા છ ઇસમો જુગારના સાધનો સાથે મળી આવતા તેમના વિરુધ્ધમાં ધી જુગારધારા કલમ-૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી કલાક.૨૨/૦૫ વાગે અટક કરી સારી કામગીરી કરે છે.

**<u>આરોપીઓના નામ ;-</u>** (૧) આનંદ રામચંન્દ્રભાઇ પ્રજાપતિ ઉ.વ.૨૭ ધંધો.પ્રા.નોકરી રહે-રમણપુરાની ચાલી,દરીયાપુર દરવાજા બહાર,માધુપુરા,અમદાવાદ શહેર (૨) સુરેશ રંગાજી પ્રજાપતિ ઉ.વ.૨૪ ધંધો.પ્રા.નોકરી રહે-મ.નં.૧૦૫ સાવિત્રીનગર વી.વી.તોમર સ્કુલની પાસે,ભાર્ગવ રોડ,મેઘાણીનગર,અમદાવાદ શહેર (૩) અમિત રમેશભાઇ પરમાર ઉ.વ.૧૯ ધંધો.છુંટક મજુરી રહે-લક્ષ્મીનગરની ચાલી,શાંતીનગરના છાપરા પાસે,મેઘાણીનગર,અમદાવાદ શહેર (૪) ગોપી અજમલભાઇ પ્રજાપતિ ઉ.વ.૨૨ ધંધો.પ્રા.નોકરી રહે-લક્ષ્મીનગરની ચાલી,શાંતીનગરના છાપરા પાસે,મેઘાણીનગર,અમદાવાદ શહેર (૫) સંદિપ રેવાભાઇ લેઉવા ઉ.વ.૩૦ ધંધો.પ્રા.નોકરી રહે-મ.નં.૩૬૯/૨ બાલાપીર મીલની ચાલી,આંબેડકર હોલની પાસે,સરસપુર,શહેરકોટડા,અમદાવાદ શહેર તથા (૬) મોસીન મોહમંદહનીફ જાતે-સંધી ઉ.વ.૨૩ ધંધો.પ્રા.નોકરી રહે-મ.નં.૧૭/૩૮૫ ગર્વમેન્ટ કોલોની દુધેશ્વર,માધુપુરા,અમદાવાદ શહેર

**<u>મુદ્દામાલ ;-</u>** અંગઝડતીમાંથી મળેલ રોકડ રૂ.૧૫૦૯૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૭ જેની કિ.રૂ.૩૭૫૦૦/- તથા મો.સા.નંગ-૪ જેની કિં.રૂ.૧,૬૦,૦૦૦/- એમ કુલ્લે રૂ.૨,૧૨,૫૯૦/-ની મત્તાનો

**<u>કામગીરી કરનાર અધિ./કર્મચારી;-</u>** સર્વેલન્સ સ્કવૉડ પો.સબ.ઇન્સ.એસ.એ.દેસાઇ તથા અ.મ.સ.ઇ. વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.હે.કો.લાલજીભાઇ શીવરામભાઇ બ.નં.૮૯૭૨ તથા અ.હે.કો.પ્રદિપસિંહ શિવસિંહ બ.નં.૯૬૬૭ તથા અ.પો.કો.રાજદિપકુમાર ચતુરભાઇ બ.નં.૫૭૫૮ તથા અ.પો.કો.રોહીતસિંહ રણજીતસિંહ બ.નં.૫૬૮૨ તથા અ.પો.કો.જગદીશભાઇ મોહનભાઇ બ.નં.૬૩૩૦

 

# ચાઇનીઝદોરી સાથે આરોપીની અટકાયત

## શાહપુર પોલીસ સ્ટેશન :

## પ્રતિબંધીત ચાઇનીઝદોરી સાથે આરોપીને પકડી પાડતી શાહપુર પોલીસ

(૧)

આગામી મકરસંક્રાતીના તહેવાર અનુસંધાને અમદાવાદ શહેરમા બહારથી ઘાતક ચાઇનીઝ દોરી લાવી ચોરી છુપીથી વેચાણ કરતા ઇસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સારૂ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટીયા સાહેબ તથા મે.અધિક પોલીસ કમિશ્નર સેકટર-૧ શ્રી અમિત વિશ્વકર્મા સાહેબ નાઓએ આપેલ સુચના અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નરઝોન-૨ શ્રી ધર્મેન્દ્રશર્મા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર એસ.કે.ત્રિવેદી"સી" ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ શાહપુર પોલીસ સ્ટેશન અધિકારી/કર્મચારી કાર્યરત છે જે અનુસંધાને સિનિયર પોલીસ ઇન્સપેકટરશ્રી આર.કે.અમીન સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટરશ્રી આર.જે.ચુડાસમા સાહેબ નાઓએ ઉતરાયણના તહેવાર અનુસંધાને પોલીસ સ્ટેશન વિસ્તારમા ચાઇનીઝ દોરીનુ વેચાણ તેમજ હેરાફેરી અટકાવવા સારૂ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ. શ્રી પી.જે.સોલંકી સાહેબ નાઓને આપેલ સુચના આધારે સર્વેલન્સ સ્કોડના અ.હે.કો. જાવેદખાન અખ્તરખાન બ.ન.૯૬૬૮ નાઓની ટીમના પો.કો. યુનુસખાન મુનાવરખાન બ.ન.૮૬૫૪ તથા પો.કો.જીતેશકુમાર રમેશભાઇ બ.ન.૬૫૦૩ નાઓ પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન પો.કો. યુનુસખાન મુનાવરખાન બ.ન.૮૬૫૪ નાઓની સંયુકત બાતમી હકીકત આધારે શાહપુર ટોરેન્ટ પાવર આગળ જાહેરમાથી આરોપી મોહમદઅનસ યુસુફભાઇ શેખ ઉવ-૨૦ રહે- મ.ન.૩૧૬૨/૫ ચુના ચકકી, મસ્તાન મહોલ્લા ડબગરવાડ દરીયાપુર અમદાવાદ શહેર નાઓને કુલ્લે-૧૦ રોલની કિ રૂ. ૨૨૨૦/- ના મતાના મુદ્દામાલ સાથે પકડી અટક કરી શાહપુર પોલીસ સ્ટેશન ગુ.ર.ન. 11191043200021 ધી ઇપીકો કલમ ૧૮૮ તથા CRPC ૧૯૭૩ ની કલમ ૧૪૪ તથા જી.પી.એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(યુ),૧૧૩,૧૧૭,૧૩૧ મુજબ પ્રતિબંધિત ચાઇનીઝ દોરીના જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરેલ છે

# પ્રતિબંધીત ચાઇનીઝદોરી સાથે આરોપીને પકડી પાડતી શાહપુર પોલીસ

## (૨)

આગામી મકરસંક્રાતીના તહેવાર અનુસંધાને અમદાવાદ શહેરમા બહારથી ઘાતક ચાઇનીઝ દોરી લાવી ચોરી છુપીથી વેચાણ કરતા ઇસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સારૂ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટીયા સાહેબ તથા મે.અધિક પોલીસ કમિશ્નર સેકટર-૧ શ્રી અમિત વિશ્વકર્મા સાહેબ નાઓએ આપેલ સુચના અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નરઝોન-૨ શ્રી ધર્મેન્દ્રશર્મા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર એસ.કે.ત્રિવેદી"સી" ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ શાહપુર પોલીસ સ્ટેશન અધિકારી/કર્મચારી કાર્યરત છે જે અનુસંધાને સિનિયર પોલીસ ઇન્સપેકટરશ્રી આર.કે.અમીન સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટરશ્રી આર.જે.ચુડાસમા સાહેબ નાઓએ ઉતરાયણના તહેવાર અનુસંધાને પોલીસ સ્ટેશન વિસ્તારમા ચાઇનીઝ દોરીનુ વેચાણ તેમજ હેરાફેરી અટકાવવા સારૂ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ. શ્રી પી.જે.સોલંકી સાહેબ નાઓને આપેલ સુચના આધારે સર્વેલન્સ સ્કોડના અ.હે.કો. જાવેદખાન અખ્તરખાન બ.ન.૯૬૬૮ નાઓની ટીમના પો.કો. યુનુસખાન મુનાવરખાન બ.ન.૮૬૫૪ તથા પો.કો.જીતેશકુમાર રમેશભાઇ બ.ન.૬૫૦૩ તથા વુ.પો.કો. રમીલાબેન ભીખાભાઇ બ.ન.૧૧૧૩૮ નાઓ પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન પો.કો. જીતેશકુમાર રમેશભાઇ બ.ન.૬૫૦૩ નાઓની સંયુકત બાતમી હકીકત આધારે શાહપુર રાજાજીની પોળના નાંકા આગળ જાહેરમાથી આરોપી મોહમ્મદ તૌફીક સન/ઓફ મોહમદ રફીકભાઈ શેખ ઉવ-૧૯ રહે- મ.ન.૨૧૮ કડીયા બિલ્ડીંગની સામે રાજાજીની પોળ શાહપુર અડ્ડા શાહપુર અમદાવાદ શહેર નાઓને કુલ્લે-૧૬ રોલની કિ રૂ. ૩૫૨૦/- ના મતાના મુદ્દામાલ સાથે પકડી અટક કરી શાહપુર પોલીસ સ્ટેશન ગુ.ર.ન. 11191043200020 ધી ઇપીકો કલમ ૧૮૮ તથા CRPC ૧૯૭૩ ની કલમ ૧૪૪ તથા જી.પી.એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(યુ),૧૧૩,૧૧૭,૧૩૧ મુજબ પ્રતિબંધિત ચાઇનીઝ દોરીના જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરેલ છે

## સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન

## ચાઈનિઝ દોરી ના 02 કેસ કરવામાં આવ્યા

શ્રી આશિષ ભાટીયા સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી પી.એલ.માલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ તાજેતરમાં આવતા ઉત્તરાયણના તહેવાર નિમીતે પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાઈનીશ દોરીથી માણસો તથા પશુ-પક્ષીઓ ગંભીર રીતે ઘાયલ થતાં હોય છે. જેથી ચાઈનીશ દોરીનુ થતુ વેચાણ અટકાવવા સારુ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ જાહેરનામુ બહાર પાડેલ હોય જે અનુસંધાને "જાહેર સલામતી અને વ્યવસ્થા" જળવાય રહે તે સારુ સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સુપરવિઝન હેઠળ બનાવેલ ટીમ દ્વારા નીચે જણાવેલ આરોપીઓને ચાઈનીજ દોરીના વેચાણ કરતાં મુદામાલ સાથે પકડી પાડી જાહેરનામા ભંગ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી બે અલગ અલગ ગુના દાખલ કરવામાં આવેલ છે.

આરોપી:

(૧) શાંતાબેન રમેશભાઈ પટણી ઉવ.૪૦ રહે. મ.ન.૪૬૯૫ કબુતર ખાના, વસંતનગર ટાઉનશીપ, ગોતા, અમદાવાદ શહેર

મુદામાલ: ૧૯ નંગ જુદા જુદા કલરની ચાઈનીશ ટેલર કિ.રુ.૧૯૦૦/-

આરોપી (૨) દિનેશભાઈ ઝવેરભાઈ પટેલ ઉવ.૪૩ રહે. મ.નં-સી/૫ કિર્તી ટેનામેન્ટ, જગતપુર રોડ, ચાંદલોડીયા અમદાવાદ શહેર

મુદામાલ: ૧૪ નંગ જુદા-જુદા કલરની ચાઈનીશ દોરીના ટેલર કિ.રુ.૧૪૦૦/-

આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા પોલીસ ઈન્સ્પેકટર તથા સર્વે સ્કોડ પ્રો.એ.એસ.આઈ. અમીતભાઈ રણછોડભાઈ તથા પ્રો.એ.એસ.આઈ. ગોપાલસિંહ લઘધીરસિંહ તથા અ.લોકરક્ષક માધુભાઈ પોલાભાઈ તથા અ.લોકરક્ષક પ્રકુલભાઈ છેલાભાઈ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના જોડાયેલા હતા.

## <u>જીઆઈડીસી વટવા પોલીસ</u>

## <u>પ્રતિબંધીત ચાઇનીજ દોરી સાથે પકડાયેલ આરોપીઓની પૂછપરછ કરી વધુ બે આરોપીઓને પકડી પાડતી જીઆઈડીસી વટવા પોલીસ</u>

આગામી મકરસંક્રાંતીના તહેવાર અનુસંધાને અમદાવાદ શહેરમાં બહારથી ઘાતક ચાઇનીજ દોરી લાવી ચોરી છુપીથી વેચાણ કરતા કરાવતા ઇસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સારૂ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટીયા સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨શ્રી નિપુર્ણા તોરવણે સાહેબ નાઓએ આપેલ સુચના અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી **બીપીન** આહીરે સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી આર.બી.રાણા 'જે' ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે અધિકારી/કર્મચારી કાર્યરત છે જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.આર.ગોહિલ સાહેબ નાઓએ ઉત્તરાયણના તહેવાર અનુસંધાને પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાઇનીજ દોરીનુ વેચાણ તેમજ હેરાફેરી અટકાવવા સારૂ સર્વેલન્સ સ્કોડ ના પો.સ.ઇ.શ્રી સી.એમ.રાઠોડ સાહેબ નાઓને આપેલ સુચના આધારે સર્વેલન્સ સ્કોડના મ.સ.ઇ.મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ નાઓ તથા તેઓની ટીમના પો.કો. જયંતીભાઇ નાગરભાઇ બ.ન.૬૧૬૯ તથા પો.કો.બળદેવસિંહ ઘનશ્યામસિંહ બ.ન.૧૧૮૧૩ તથા પો.કો.વિજયસિંહ ભુપતસિંહ બ.ન.૧૩૧૮૮ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે જી.આઇ.ડી.સી. વટવા રામોલ ગરનાળા પાસેથી આરોપીઓને એક્ટીવા નં-જી.જે.૨૭.સી.એ.૫૩૪૫ ઉપર કોથળામાં છુપી રીતે પ્રતિબંધીત ચાઇનીજ દોરીના રીલ (ટેલર) નંગ ૩૦ કિંમત રૂપિયા ૪૫૦૦/- તથા મોબાઇલ ફોન ૨ કિં.રૂ.૧૦૦૦૦/- તથા એક્ટીવા કિં.રૂ.૩૦,૦૦૦/- તથા રોકડ રકમ રૂપિયા ૭૨૦૦/- મળી કુલ રૂપિયા ૫૧,૭૦૦/- ના મુદ્દામાલ સાથે પકડેલ જે સદરી આરોપીઓની વિશ્વાસમાં લઇ વધુ પુછપરછ કરી ગુનાના મુળ સુધી પહોંચી આરોપીઓ (૧)દીનેશભાઇ ખુબચંદભાઇ તોલાણી ઉ.વ.૨૫ ધંધો-વેપાર રહે.મ.ન.૧૨ મહાદેવની ચાલી, બંગલા એરીયા કુબેરનગર અમદાવાદ શહેર (૨) અજયભાઇ મુકેશભાઇ ચુનારા ઉ.વ.૨૬ ધંધો-નોકરી રહે.ચુનારાવાસ, સૈજપુર બોઘા, નરોડા, અમદાવાદ શહેર નાઓને અટક કરી જીઆઇડીસી વટવા પો.સ્ટે ગુ.ર.નં (પાર્ટ-બી) ૦૦૦૮/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૧૮૮,૧૧૪ મુજબ વધુ બે આરોપીઓને અટક કરી સારી કામગીરી કરેલ છે.